# મગફળી કાંડમાં ૨૨ની ધરપકડ

**નાફેડ ચેરમેનના ભત્રીજા સહિત ૨૨ની ધરપકડ : મગફળી કૌભાંડમાં આખરે સરકારને કાર્યવાહી કરવાની ફરજ પડી : પોલીસના સપાટાથી સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ : તપાસમાં ચોંકાવનારા ખુલાસા થવાની શકયતા : બધા આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મંગાશે**

અમદાવાદ, તા.૪

રાજકોટ જિલ્લાના જેતપુરના પેઢલા ગામે નાફેડે ભાડે રાખેલા ગોડાઉનની મગફળીમાંથી ધૂળ, માટીના ઢેફા નીકળવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા કૌભાંડમાં આજે આખરે પોલીસે નાફેડના ચેરમેન વાઘજી બોડાના ભત્રીજા રોહિત બોડા સહિત ૨૨ આરોપીઓની ધરપકડ કરતાં રાજયભરમાં ભારે ચકચાર મચી ગઈ છે. મગફળી કૌભાંડના ભારે વિવાદ અને વિપક્ષ કોંગ્રેસ દ્વારા લગાવાયેલા ગંભીર આરોપો બાદ આખરે સરકારને આ સમગ્ર મામલામાં આકરી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આરોપીઓમાં નાફેડના ચેરમેન વાઘજી બોડાનો કૌટુંબિક ભત્રીજો રોહિત બોડા, સૌરાષ્ટ્ર વેરહાઉસના મેનેજર મગન જાલાવડિયા, ધણેજ સહકારી મંડળીના પ્રમુખ કાળુભાઈ, ચારથી વધુ અધિકારીઓ અને સહકારી મંડળીના ૧૫થી વધુ શખ્સોનો સમાવેશ થાય છે. મગફળી કૌભાંડમાં સરકાર અને પોલીસના સપાટાને પગલે રાજયના સહકારી આલમમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. રાજકોટ જિલ્લા પોલીસ વડાની સીધી નીગરાની હેઠળ સમગ્ર મામલાની તપાસ હાથ ધરાઈ હતી અને આખરે ધરપકડનો સપાટો બોલાવાયો હતો.



રાજયમાં ખળભળાટ મચાવનારા આ મગફળી કૌભાંડની વિગતો એવી છે કે, ગત તા.૩૧ જુલાઈના રોજ ફરિયાદી અને સૌરાષ્ટ્ર ઝોન વેરહાઉસિંગના મેનેજર મગનભાઈ નાનજીભાઈ જાલાવડીયાએ જેતપુરના પેઢલા ગામના ગોડાઉનમાં ધણેજની સહકારી મંડળીએ ખરીદ કરેલી મગફળીમાં ધૂળ અને કાંકરી નીકળતા જેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં ૩૧ હજાર મગફળીની ગુણીમાં ભેળસેળ થયાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આથી પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી અને કોર્ટે આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આરોપીઓની પૂછપરછમાં મગન જાલાવડિયા સહિતનાઓના નામ કૌભાંડમાં ખુલ્યા હતા અને ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદીએ જે તે સમયે હોબાળો કરતા પોલીસને તેના પર શંકા ગઈ હતી. તપાસમાં ગુજકોટ અને નાફેડના લોકોના બેદરકારી સામે આવી હતી. એટલું જ નહી, પેઢલા ગોડાઉનમાં મગફળીમાં ધૂળ અને માટીની ૨૨થી ૨૫ ટકા જેટલી ભેળસેળ કરાઈ હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો. ચકચારભર્યા આ કૌભાંડમાં સરકારની સૂચના અને નિર્દેશ બાદ પોલીસે આજે ખુદ નાફેડના ચેરમેનના ભત્રીજા રોહિત બોડા સહિત ૨૨ આરોપીઓની ધરપકડ કરી હતી.

ગોંડલ વેરહાઉસમાં લાગેલી આગમાં પણ આરોપી મગન જાલાવડિયાની ભૂમિકા હોવાની શંકા સેવાઈ રહી છે. તે અંગે પણ આકરી પૂછપરછ કરવામાં આવશે, તેમજ આવું બીજા ક્યાં ગોડાઉનમાં કરવામાં આવ્યું છે તે અંગે પોલીસ સઘન પૂછપરછ હાથ ધરશે. સહકારી મંડળીના સભ્યોએ ખેડૂતો પાસેથી ખરીદેલી મગફળીમાં બારોબાર ભેળસેળ કરી એસડબલ્યુએચસીના ગોડાઉનમાં જમા કરાવી દીધી હતી. સર્વેયર તરીકે જેમને આ મગફળીની ક્વોલિટી ચેક કરવાની હતી તેણે પણ પોતાની ફરજમાં બેદરકારી દાખવી હોવાનું સામે આવ્યું છે. મંડળી દ્વારા સારી ક્વોલિટીની મગફળી બારોબાર ક્યાં સગેવગે કરવામાં આવી છે તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા હવે તમામ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગ કરવામાં આવશે.

## રાજસ્થાનમાં ભાજપના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ

**રાજસ્થાન ગૌરવ યાત્રાનો પ્રારંભ : અમિત શાહે ચારભુજાજી મંદિરમાં દર્શન કરી યાત્રાની શરૂઆત કરાવી : રાજપૂત સમુદાયના મતદારોને પોતાની તરફેણ કરવાના પ્રયાસો હાથ ધરાશે : યાત્રા દરમિયન રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે ૧૩૫ રેલી સંબોધશે**

રાજસમંદ,તા. ૪

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીને લઈ ફરી એકવાર કમળ ખિલાવવા માટે રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાએ ૪૦ દિવસ સુધી ચાલનારી રાજસ્થાન ગૌરવ યાત્રાની શરૂઆત ચારભુજાજી મંદિરમાં પૂજા-અર્ચના કરી આ યાત્રાની શરૂઆત કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ રાજસમંદ જિલ્લામાં સ્થિત ચારભુજાજી મંદિરમાં પૂજા-અર્ચના કરી આ યાત્રાની શરૂઆત કરી હતી. ભાજપનો ઉદ્દેશ્ય આશરે ૧૬૫ વિધાનસભા બેઠકોથી લઈ પસાર થનાર યાત્રા મારફતે રાજપૂત મતદારોને રિઝવવાના પ્રયાસ કરવાનો છે. રાજપુત સમાજ હાલ ભાજપથી ભારે નાખુશ દેખાઈ રહ્યો છે. રાજપુત મતદારોના ગઢ ગણાતા રાજસમંદમાં મુખ્યમંત્રી વસુંધરા રાજેએ મહારાણા પ્રતાપ, રાણા કુંભા, ભામાશાહ, પન્ના ધાયને પ્રણામ કરી પોતાનો હેતુ સ્પષ્ટ કરી દીધો હતો. વસુંધરા રાજેની રાજસ્થાન ગૌરવ યાત્રા આગામી ૪૦ દિવસ સુધી ૧૬૫ વિધાનસભા બેઠકોથી પસાર થશે. રાજસ્થાનમાં હાલ વિધાનસભાની કુલ ૨૦૦ બેઠકો છે. ૬૦૦૦ કિલોમીટર ચાલનારી આ યાત્રામાં વસુંધરા રાજે કુલ ૧૩૫ રેલીઓને સંબોધિત કરનાર છે. જ્યારે યાત્રાની શરૂઆત કરતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મુખ્યમંત્રી વસુંધરા રાજેની ભારે પ્રશંસા કરી હતી. અમિત શાહે જણાવ્યું હતું કે રાજસ્થાનમાં જે પ્રકારે ભાજપની સરકાર આગળ વધી રહી છે તેનાથી મને વિશ્વાસ છે કે, રાજસ્થાનની પ્રજા ફરીએકવાર કમળનું ફુલ ખિલાવી સરકાર રચી નવો ઈતિહાસ બનાવશે. તેમણે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. શાહે કહ્યું હતુ કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ અમારી પાસે સવાલો પુછે અને ચાર વર્ષનો હિસાબ માંગે છે પરંતુ આ દેશની જનતા તમારી પાસે પેઢીનો હિસાબ માંગે છે. આ યાત્રાનું મહત્વ એવા વાતથી સમજી શકાય છે કે, અમિત શાહ પોતે આ રેલી શરૂઆત કરાવવા માટે રાજસમંદ પહોંચ્યા હતા. ભાજપ ૧૮૦ બેઠકો જીતી ફરી સત્તા પર આવવાના પ્રયાસમાં છે. અમિત શાહે રાજસ્થાનમાં ૧૮૦ બેઠકો જીતવાનો દાવો વ્યક્ત કર્યો હતો.




રાજસ્થાનમાં ભાજપને ગત ચૂંટણીમાં ૧૬૩ બેઠકો મળી હતી. ભાજપ રાજ્યમાં માત્ર એક જ વખત સતત સત્તામાં આવી છે. તે સમયે પૂર્વ રાષ્ટ્રપતિ અને ભાજપના દિગ્ગજ નેતા ભેરોસિંહ શેખાવતે ૧૯૯૦-૯૨ સત્તા કબજે કર્યા બાદ ૧૯૯૩માં પણ સત્તા કબજે કરી હતી.

## જસ્ટિસ એમ.આર. શાહ પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા

**ન્યાયતંત્રમાં અસાધારણ કામગીરીને લઇ બઢતી : જસ્ટિસ એમ.આર.શાહે અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ આપી દેશના ન્યાયતંત્રમાં અનોખુ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે**

અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ અને બાહોશ ન્યાયમૂર્તિ શ્રી એમ.આર.શાહની ભારતના



રાષ્ટ્રપતિ દ્વારા આખરે પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુકિત કરવામાં આવી છે. હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રી મુકેશકુમાર રસિકભાઈ શાહની પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુકિત થતાં સમગ્ર ન્યાયતંત્ર અને કાયદાશાખાના પદાધિકારીઓ અને સરકારના મહાનુભાવો તરફથી તેમની પર અભિનંદની શુભેચ્છા-વર્ષા પાઠવવામાં આવી હતી. જસ્ટિસ એમ.આર.શાહ આગામી દિવસોમાં પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે તેમનો નવા હોદ્દાનો પદભાર સંભાળે તેવી શકયતા છે. અમદાવાદ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા હોય કે બિસ્માર રસ્તાઓની વાત, સાદીક જમાલ એન્કાઉન્ટર કેસ હોય કે, પછી પ્રજાજનોના આરોગ્ય અને પ્રાથમિક બુનિયાદી સુવિધાઓની વાત હોય..અનેકવિધ બાબતોને લઈ ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રી એમ.આર.શાહે અનેક સીમાચિહ્નરૂપ અને દૂરોગામી અસરો પાડનારા અતિ મહત્વના ચુકાદાઓ આપી સમગ્ર ન્યાયતંત્રમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું હતું. તેમની આ અસાધારણ કામગીરીથી પ્રભાવિત થઈને જ સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા જસ્ટિસ એમ.આર.શાહને પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે બઢતી આપવામાં આવી છે, જે નોંધનીય અને ઘણી મહત્વની મનાઈ રહી છે.

## શોપિયનમાં ભીષણ અથડામણમાં પાંચ કુખ્યાત ત્રાસવાદીઓ ફુંકાયા

**ભારતીય સેનાએ મોટી કાર્યવાહી કરી : હથિયારો કબજે કરાયા : કિલોરામાં મોટી સંખ્યામાં આતંકવાદી છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ સફળ ઓપરેશન : તોયબાનો કમાન્ડર ઉમર મલિક પણ મોતને ઘાટ ઉતારાયો**



શ્રીનગર,તા. ૪

જમ્મુકાશ્મીરના શોપિયનમાં ભારતીય સેનાને આજે મોટી સફળતા હાથ લાગી હતી. સેનાએ એક મોટી કાર્યવાહીને અંજામ આપીને પાંચ કુખ્યાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઠાર કરી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. શુક્રવારે સેનાને માહિતી મળી હતી કે કિલોરામાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુપાયા છે. બાતમી મળ્યા બાદ તરત જ કાર્યવાહી હાથ ધરવામાં આવી હત. ઘટનાસ્થળે સેનાના જવાનો પહોંચ્યા બાદ ત્રાસવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ થોડાક સમય સુધી સામ સામે ગોળીબારની રમઝટ જામી હતી. ત્યારબાદ તમામ ત્રાસવાદી ઠાર થયા હતા. ભારતીય સેનાની આને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. ગઈકાલે સેનાએ ત્રાસવાદી કમાન્ડરને ઠાર મારી દીધો હતો. આ સ્થળ પર જ આજે સવારે ફરી અથડામણ શરૂ થયા બાદ બીજા ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સેનાએ ગઈકાલે લશ્કરે તોયબાના કમાન્ડર ઉમર મલિકને ઠાર કરી હતો. તેની પાસેથી એકે ૪૭ મળી આવી હતી. હાલમાં સુરક્ષા દળોને એક પછી એક મોટી સફળતા મળી રહી છે. હાલમાં અનેક કુખ્યાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે.



સ્વરોજગારી સહાય - રાજ્ય સરકાર દ્વારા સ્વરોજગાર ૫૦૦ યુવા ભાઈ-બહેનો લાભાર્થીઓને ૪૮ લાખના સાધન-સહાયનું વિતરણ કરાયું... રાજ્યના કુટિર ઉદ્યોગ વિભાગના વિવિધ નિગમો દ્વારા રાજ્યના ગ્રામીણ, ગરીબ અને છેવાડાના માનવીના હિત-ઉન્નતિ માટે અત્યાર સુધીમાં ૨૪૩૪૦ ગ્રામીણ યુવા ભાઈ બહેનોને તાલીમ આપી ૬૦.૫૩ કરોડના સાધન સહાયનું વિતરણ કરાયું છે. ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલા સાધન-સહાય વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, પરંપરાગત હસ્તકલા કારીગરી વ્યવસાયમાં ગુજરાતને નંબર-૧ બનાવવું છે...

## કુડાસણ - કોબા વિસ્તારમાં માર્જીનની જગ્યામાં ધમધમતી ત્રણ દુકાનો તુટી

**ગુડાએ આજે પાર્કીંગના ઓટલા, શેડ અને લારી ગલ્લા સહીત ૪૦ દબાણો દુર કર્યા : સરગાસણમાં પણ દબાણો દુર કરવા ટુંકમાં ઝુંબેશ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર નજીક સ્થિત ગુડા વિસ્તારમાં તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગઈકાલે ૬૦ જેટલા દબાણો દુર કરાયા બાદ આજે ૪૦ જેટલા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો કુડાસણના કોર્મશિયલ કોમ્પલેક્ષમાં સ્થિત ત્રણ દુકાનો પર ગુડાનુ બુલડોઝર ફરી વળ્યુ હતુ. જયારે આ વિસ્તારમાં આ ઉપરાંત પાર્કીંગના ઉંચા ઓટલા અને શેડ સહીત માર્જીનની જગ્યામાંથી દબાણો દુર કરવામાં આવ્યા હતા. ટી પી -૬ કુડાસણ વિસ્તારમાં સ્થાનિકોને સ્વેચ્છાએ દબાણો દુર કરવા માટે પણ ગુડા દ્વારા સુચના આપી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં સરગાસણમાં પણ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજ સતત બીજા દિવસે પણ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં દબાણો દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પ્રથમ દિવસે ગુડા વિસ્તારમાં કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત ૬૦ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે બે દુકાનો પણ તોડી પાડવામાં આવી હતી. જયારે આ ઉપરાંત શેડના તેમજ દુકાનો આસપાસ પાર્કીંગના દબાણો પણ દુર કરાયા હતા. જયારે આજે પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહી હતી.

ગુડાનુ જે સી બી આજે ફરી દબાણો પર ફરી વળ્યુ હતુ. ગુડાના અધિકારીઓ અને કર્મચારીઓનો સ્ટાફ દબાણો દુર કરવાની કામગીરીમાં લાગી ગયો હતો. જે અન્વયે ટી પી ૪ કુડાસણ કોબા વિસ્તારમાં સ્થિત કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત દબાણો દુર કરાયા હતા. જેમાં પાર્કીંગ વિસ્તારમાં શેડ બનાવી દેવાયા હોય તે શેડ પણ દુર કરાયા હતા. જયારે ઓટલા તેમજ પાર્કીંગ ઉંચુ કરી દેવાયુ હોય તેના પર બુલડોઝર ફેરવી દબાણો દુર કરી દેવાયા હતા. આ ઉપરાંત ઉક્તિ કોમ્પલેક્ષમાં માર્જીનની જગ્યામાં કરાયેલી ત્રણ દુકાનો પણ તોડી નાંખવામાં આવી હતી. સ્વાગત રેઈન ફોરેસ્ટ કોમ્પલેક્ષ પણ દબાણ ઝુંબેશની લપેટમાં આવી ગયુ હતુ. આ ઠેકાણેથી પણ દબાણો દુર કરવામાં આવ્યા હતા. કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ ઉંચા ઓટલા કરી દેવાયા હતા દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આ ઓટલા પણ દુર કરી તંત્ર દ્વારા જેસીબી ફેરવી દેવાયુ હતુ.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં દબાણની સમસ્યા વકરી છે. નજર નાંખો ત્યાં દબાણોનો અડીંગો જોવા મળે છે. જયારે કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ પાર્કીંગની જગ્યામાં પણ નતનવા દબાણોએ અડ્ડો જમાવ્યો છે. જો કે ગુડા દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરાયા બાદ વેપારીઓમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. ત્યારે હજુ ટી પી -૬ કુડાસણના વિસ્તારમાં દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટે ગુડાએ સ્થાનિકોને સુચના આપી દીધી છે. જો આ દબાણો દુર કરવામાં નહીં આવે તો ગુડા દ્વારા ટુંક સમયમાં જ દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. આગામી દિવસોમાં કુડાસણના વિસ્તારમાં પણ દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામા આવશે. દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આજે ૧૦ જેટલા લારી ગલ્લાના દબાણો પણ દુર કરાયા હતા.

## સે-૧૧ માં પાર્કીંગ પ્લેસ પર ગંદકી અને લારી ગલ્લાના દબાણો મુલાકાતીઓ ત્રસ્ત

ગાંધીનગર તા ૪

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશના અંતે નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ સ્થિત પાર્કીંગ પ્લેસ પર દબાણોએ ફરી અડીંગો જમાવી દીધો છે.જેના લીધે મુલાકાતીઓએ વાહનો પાર્ક કરવાના મામલે માથુ ખંજવાળવાનો વારો આવે છે. સે-૧૧ સ્થિત સુમન ટાવર સામે સ્થિત પાર્કીંગ પ્લેસ પર વધતા દબાણો વચ્ચે ગંદકીના ઢગ મંડરાયા છે. આમછતા તંત્રની રહેમનજર હેઠળ દબાણો દુર કરાતા નથી. આ વિસ્તારમાં દબાણની સમસ્યાના લીધે પાર્કીંગ અને ટ્રાફિક જામનો પ્રશ્ન પણ શિરદર્દ સમાન બન્યો છે. ત્યારે આ વિસ્તારમાં દબાણો દુર થાય અને સ્વચ્છતા જળવાય તેવી વ્યવસ્થા કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના સે-૧૧ માં કોર્મશિયલ કોમ્પલેક્ષો સ્થિત હોવાથી મુલાકાતીઓની દિનભર વિશેષ અવરજવર રહે છે. આ વિસ્તારમાં સિનેમાગૃહ, બેંકો, પેટ્રોલ પંપ સહીત અનેક કોર્મશિયલ કોમ્પલેક્ષો સ્થિત હોવાથી દિવસ દરમિયાન ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે.જયારે સાંકડા સર્વિસ માર્ગ પર વાહનોની વિશેષ અવરજવર રહે છે. આસપાસના કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં આવતા મુલાકાતીઓને પાર્કીંગ પ્લેસ પર જગ્યા મળતી નથી. પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લા ગોઠવાઈ જતા મુલાકાતીઓ પણ આડેધડ વાહનો પાર્ક કરી દે છે. સુમન ટાવર વેલફેર એસોસિએશને આ અંગે મ્યુનિ કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ આ વિસ્તારમાં ધમધમતા લારી ગલ્લાના લીધે ગંદકી પણ ખદબદી રહી છે. સ્થાનિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. પાર્કીંગ તેમજ ગંદકી દુર કરવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવા માટે રજુઆતમાં જણાંવાયુ છે.આ મામલે ટુંકમાં કામગીરી નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ એસોસિએશને ઉચ્ચારી છે.

### ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
Email : gmcjob2018@gmail.com

**જાહેર નોટીસ**

**સીધી ભરતીની પરીક્ષા તારીખ અંગેની જાહેરાત**

ગાંધીનગર મહાનગરપાલિકાનવી સીધી ભરતી અંગેની જાહેરાત માર્ચ-૨૦૧૮માં આપવામાં આવેલ હતી. જે સંદર્ભે સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ નીચે જણાવેલ તીરેખ દરમિયાન રાખવામાં આવેલ છે. જે અન્વયે અરજી કરેલ ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પ્રવેશપત્ર વેબસાઈટ ૅઃ//દ્બફજ.પ્રેદ્બદ્બિંઅ.ર્પ્ટૃ.હ પરથી નીચે દર્શાવેલ પત્રકમાં જણાવેલ ઓનલાઈન કોલ-લેટર ડાઉનલોડ કરવાની તારીખના રોજ સવારેના ૧૧-૦૦ કલાકથી પરીક્ષા દિવસે પરીક્ષા શરૂ થવા અગાઉના એક કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉમેદવારોએ દર્શાવ્યા મુજબ સમયગાળામાં પોતાના પ્રવેશપત્ર / હાજરીપત્રક અને સાથે ઉમેદવારોની જરૂરી સુચનાઓ "online" ડાઉનલોડ કરવાના રહેશે. સમય પૂર્ણ થયા બાદ કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે નહિ. કોલલેટર પ્રિન્ટ બાબતે કોઈપણ તકલીફ / મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીના વહીવટી અધિકારીશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ફોન નંબર : ૦૭૯-૨૩૨૩૨૭૭૬ / ઈ-મેલ :- gmcjob2018.gmail.com ઉપર અથવા રૂબરૂ કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) સંપર્ક કરવાનો રહેશે.

| ક્રમ | જાહેરાત નંબર | પોસ્ટનું નામ | પરીક્ષાની તારીખ | ઓનલાઈન કોલ-લેટર ડાઉનલોડ કરવાની તારીખ | ક્રમ | જાહેરાત નંબર | પોસ્ટનું નામ | પરીક્ષાની તારીખ | ઓનલાઈન કોલ-લેટર ડાઉનલોડ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | GMC/ 201718/10 | સિનિયર કલાર્ક | ૧૯-૮-૨૦૧૮ | ૭-૮-૨૦૧૮ | ૯ | GMC/ 201718/11 | ટેક્ષ ઈન્સ્પેકટર | ૧૯-૮-૨૦૧૮ | ૭-૮-૨૦૧૮ |
| ૨ | GMC/ 201718/8 | સેનેટરી સબ ઈન્સપેક્ટર | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૦ | GMC/ 201718/16 | સિસ્ટમ એનાલીસ્ટર | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ |
| ૩ | GMC/ 201718/3 | જુનિયર ટાઉન પ્લાનર | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૧ | GMC/ 201718/7 | કલાર્ક | ૧૬-૯-૨૦૧૮ | ૨-૯-૨૦૧૮ |
| ૪ | GMC/ 201718/9 | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૨ | GMC/ 201718/4 | ઝોનલ અધિકારી | ૨૩-૯-૨૦૧૮ | ૯-૯-૨૦૧૮ |
| ૫ | GMC/ 201718/13 | સર્વેયર/ ડ્રાફ્ટમેન | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૩ | GMC/ 201718/12 | સબ ઓડીટર /સબ એકાઉન્ટ | ૨૩-૯-૨૦૧૮ | ૯-૯-૨૦૧૮ |
| ૬ | GMC/ 201718/15 | ઈલેટ્રોનિક ડેટા પ્રોસેસીંગ મેનેજર | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૪ | GMC/ 201718/1 | આરોગ્ય અધિકારી | ૨૩-૯-૨૦૧૮ | ૯-૯-૨૦૧૮ |
| ૭ | GMC/ 201718/2 | સેનીટેશન સુપ્રીટેન્ડેન્ટ | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૫ | GMC/ 201718/5 | વેટરનરી ઓફીસર | ૨૩-૯-૨૦૧૮ | ૯-૯-૨૦૧૮ |
| ૮ | GMC/ 201718/14 | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૯-૯-૨૦૧૮ | ૨૬-૮-૨૦૧૮ | ૧૬ | GMC/ 201718/6 | વહીવટી અધિકારી | ૨૩-૯-૨૦૧૮ | ૯-૯-૨૦૧૮ |

સ્થળ : ગાંધીનગર
તા. ૪/૮/૨૦૧૮
માહિતી/૧૧૯૮/૧૮-૧૯

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ